# રાજકીય ગતિવિધિ વેગીલી બનતાં મનપાની ચૂંટણીના ભણકારા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરમાં ચાલુ સપ્તાહ દરમ્યાન જ રાજકીય ગતિવિધિઓ જે તેજ બની છે તે મનપાની વહેલી ચૂંટણીઓના સંકેત આપી રહ્યા છે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે અને સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે ત્યારે આ દિશામાં ઝડપથી આગળ વધવામાં આવી શકે છે તેવી શક્યતાઓ પણ ચર્ચામાં વ્યક્ત થઈ રહી છે.

સોમવારે ગાંધીનગર શહેરમાં કેન્દ્રીય ગૃહમંત્રીની હાજરી, મંગળવારે મુખ્યમંત્રી વેક્સિનનો બીજો ડોઝ લેવા કોરોનાથી સૌથી વધુ સંક્રમિત સે. ૨ ના અર્બન સેન્ટરમાં જવું, નાયબ મુખ્યમંત્રી દ્વારા નવા સદસ્ય નિવાસ માટે સ્થળની મુલાકાત લેવા સે. ૧૭માં જવુ તેમજ બુધવારે મિશન ઈન્દ્રધનુષના રસીકરણના કાર્યક્રમમાં હાજરી આપવી, શુક્રવારે વડાપ્રધાન દ્વારા હોટલ લીલાનું ઉદ્‌ઘાટન અને ગાંધીનગરને બે નવી ટ્રેનની ફાળવણી કરી તેનો પ્રારંભ કરાવવાના વર્ચ્યુઅલ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યોની હાજરી વગેરે બાબતોને લઈ આ ચર્ચાનો દોર આરંભાયો છે.

ગાંધીનગર મનપાની સામાન્ય ચૂંટણી માટે સંગઠનની સક્રિયતાને પણ વેગીલી બનાવવામાં આવી છે. સંગઠનની વિવિધ પાંખોની રચના તેમજ વિચારધારા સાથે નવા લોકોને જોડવાનું અભિયાન પણ ચાલી રહ્યુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાની બીજી વેવના રૌદ્ર સ્વરૂપને જોઈ સરકાર, સંગઠન સહિતના લોકોએ ચૂંટણીઓ મુલ્તવી રાખવી જોઈએ તેવી રજુઆત ચૂંટણી પંચને કરી હતી. પંચે પણ પરિસ્થિતિનો અભ્યાસ કરી આ ચૂંટણીઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો.

પંચ હમણાં કોઈ ચૂંટણીઓ યોજવાને લઈ ગતિમાં આવ્યુ નથી પરંતુ સાનુકૂળ વાતાવરણ સ્પષ્ટ થશે તો તે આગળ વધશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે આ માટે તે જિલ્લાતંત્ર સહિત રાજ્યના પોલીસ, આરોગ્ય વિભાગના અભિપ્રાય પણ મેળવશે.

ત્રીજા વેવની સંભાવનાઓ છે પણ આખા રાજ્યમાં કોરોનાની બીજી લ્હેર હવે સમાપ્તી તરફ છે ત્યારે અને વધેલી રાજકીય ગતિવિધિ સામાન્ય ચૂંટણીઓ વહેલી થઈ શકે છે તેવા સંકેત આપે છે.

આમ તો ચોમાસાનો આરંભ થઈ ગયો છે જો કે હજુ જિલ્લામાં ચોમાસાનો માહોલ બરાબર જામ્યો નથી એટલે ઓગષ્ટની મધ્યમાં ચૂંટણીઓ યોજાઈ શકે છે તેવી શક્યતાઓ પણ વ્યક્ત થઈ રહી છે.

# સે-૧૧માં માટીના ઢગ પર રમતાં બાળકોની જોખમી રમત..!!!



ગાંધીનગર, તા.૧૪

ગ્રામ્ય સંસ્કૃતિમાં બાળકોનું બાળપણ માટીમાં રમવામાં વીતતું હોય છે પરંતુ શહેરી જીવનમાં બાળકોને બાળપણનો આ વૈભવ માણવાથી વંચિત રહી જવાનો વસવસો પણ હોય છે. જોકે ગાંધીનગર એવું શહેર છે કે જ્યાં શહેરની અર્વાચીન સુવિધાઓ ઉપલબ્ધ છે તે સાથે જ ગ્રામ્ય સંસ્કૃતિની મહેંક પણ મોજૂદ છે. અહીં બાળકો સોસાયટીના માર્ગો પર સ્કેટિંગનો આનંદ માણતાં પણ જોવા મળે છે તો ક્યાંક બાળકો ધૂળમાં રમતા પણ નજરે ચડે છે. શહેરના સેક્ટર-૧૧માં લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા કોઈ નિર્માણ કાર્યને પગલે માટીના મોટા ઢગલા ખડકવામાં આવ્યા છે જેના પર ચઢીને બે બાળકો ઘરના બગીચામાં કુંડામાં છોડ વાવવા માટે માટી એકત્ર કરી રહ્યાં હતા અને તે સાથે માટીમાં રમી લેવાનો મસ્તીભર્યો આનંદ પણ માણી રહ્યાં હતાં. જોકે બાળકોની આ મસ્તીભરી રમત ખૂબ જોખમી સાબિત થઈ શકે તેમ છે કારણ કે માટીના ઢગ એટલા મોટા છે કે જો માટી ધસી પડે તો આ અબુધ ભૂલકાંઓ તેની નીચે દટાઈ જાય તો પણ કોઈને ખબર ના પડે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં હજુ થોડા સમય પહેલાં જ એક બિલ્ડરની સાઈટ પર માટી ધસી જવાથી મજૂરોના મોત થવાની ઘટના સર્જાઈ હતી ત્યારે નિર્માણકાર્ય દરમ્યાન જરા સરખી બેદરકારીથી આ પ્રકારની કોઈ દુર્ઘટના સર્જાય નહી તે જોવાની જવાબદારી પણ નિર્માણકર્તાએ નિભાવવી ખૂબ જરૂરી થઈ પડે છે. અને આવા ખડકાયેલા માટીના ઢગ પર અજાણતાથી બાળકો છેક સુધી ચઢી ના જાય તે માટે ચોકીદાર રાખવાની પણ ચોકસાઈ દાખવવી જોઈએ.

# શહેર-જિલ્લાની કોરોના મુક્ત થવાની દિશામાં આગેકૂચ

## બુધવારે પણ એકેય કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર-જિલ્લામાં સતત બીજે દિવસે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા જિલ્લો હવે કોરોનામુક્ત થવાની દિશામાં આગળ વધી રહેલ છે.

૧૦મીથી અત્યાર સુધીમાં ૪ દિવસ દરમ્યાન જિલ્લામાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. જિલ્લામાં હવે કોરોના વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવા માટે તંત્રએ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિ અને વેક્સિનેશન અભિયાનને લઈ આજે રાજ્યના મુખ્ય સચિવે કરેલી વી.સી.માં પણ અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો હતો.

શહેરમાં આજે ૨ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં ગઈકાલની તુલનામાં આજે ૪ દર્દીઓ જે એક્ટીવ કેસ તરીકે હતા તે ઓછા દર્શાવવામાં આવ્યા છે પરંતુ સત્તાવાર યાદીમાં એક પણ દર્દીને ડિસ્ચાર્જ અપાયાનું જણાવાયુ નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૪૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૬૪૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે જે નોંધનીય છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં કોરોનાનો રિકવરી રેટ ૯૮ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી પણ ચાલુ છે તેમજ ટેસ્ટીંગ પણ કરવામાં આવી રહ્યા છે. જો કે ટેસ્ટીંગના આંકડા આપવામાં તંત્ર મૌન સેવી રહ્યું છે.

# વરસાદ ખેંચાતા શહેરમાં નવા રોપાઓની વાવણીનુ કામ અટક્યું

## વનતંત્ર દ્વારા ૯ હેકટરમાં વાવેતરનુ આયોજન કરાયુ છે ત્યારે વરસાદ અદ્રશ્ય રહેતા નવા રોપાઓની વાવણી પણ થઇ શકતી નથી

ગાંધીનગર તા ૧૪

વરસાદી દિવસો પુર્વે વનતંત્ર દ્વારા શહેરમાં ખાલી જગ્યાનો સર્વે કરી નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. પ્રિ મોન્સુન અકેટીવિટી દરમિયાન વરસાદી ભીંજારા વચ્ચે વનતંત્ર દ્વારા ૬ હેકટરમાં વાવેતરની પ્રક્રીયા પુર્ણ કરવામાં આવી હતી પરંતુ હવે વરસાદ ખેંચાતા છેલ્લા ૧૫ દિવસથી નવા રોપાઓની વાવણીનુ કામ પણ અટવાયુ છે.

ગાંધીનગરને હરિયાળુ રાખવા માટે વનતંત્ર દ્વારા પ્રતિવર્ષ નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરમાં ખુલ્લી જગ્યાનો સર્વ કરી વનતંત્ર દ્વારા વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. વરસાદી દિવસો દરમિયાન વાવણીની કામગીરી પુર્ણ કરી દેવામાં આવે છે. જયારે નવા રોપાઓ ઉછેરવા માટે ઉનાળા દરમિયાન જ ખોદકામ કરીને ખાડા ખોદવામાં આવે છે. આ વર્ષે પણ વનતંત્ર દ્વારા ૯ હેકટરમાં નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન કરાયુ છે. જયારે પ્રિમોન્સુન વરસાદના અંતે અત્યાર સુધીમાં ૬ હેકટર વિસ્તારમાં વાવેતર કરી દેવાયુ છે. જેમાં લીમડા, ચંદન પેલ્ટોફોર્મ, ગુલમહોર, સેવન અને દેશી કણજી સહીતના રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળી નિખરે તેમજ રંગબેરંગી ફુલોથી શહેર શોભી ઉઠે તે માટે આ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ અત્યાર સુધી મોટાભાગના વિસ્તારમાં વાવણીની પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ ૩ હેકટરમાં હજુ વાવેતર બાકી છે. વનતંત્ર નવા રોપાઓની વાવણીને અનુલક્ષીને વરસાદની વાટે છે. અગાઉ રોપાઓની વાવણી કરવામાં આવી છે પરંતુ વરસાદની

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતની આજે સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય સભા આજે બપોરે ૧.૩૦ કલાકે તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરની અધ્યક્ષતામાં મળશે.

સોશ્યલ ડિસ્ટન્સીંગ સાથે આ બેઠક મળવાની છે અને તંત્રએ પણ તે અંગેની તૈયારીઓ પૂરી કરી છે. તાલુકા પંચાયતના હોલમાં આ બેઠક મળશે.

આ બેઠકમાં તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની ખાલી પડેલી એક બેઠક પર નિયુક્તીનો મુદ્દો તેમજ સામાજિક ન્યાય સમિતિ અને કારોબારી સમિતિની મળેલ બેઠકોની કાર્યવાહી નોંધને બહાલી આપવાનો મુદ્દો છે.

આ બેઠકમાં તાલુકા પંચાયત દ્વારા કરાયેલા ખર્ચા પણ અવલોકન માટે રજુ કરવામાં આવશે. તાલુકા પંચાયતની આજે મળનારી આ બેઠકને રૂટીન બેઠક રાજકીય આગેવાનો લેખાવી રહ્યા છે. ભાજપ પણ આ બેઠકમાં કઈ ખાસ કરવાના મૂડમાં જણાતુ નથી. આ બેઠકમાં પ્રમુખ સ્થાનેથી કોઈ મુદ્દા રજુ થાય છે કે કેમ તેના પર સૌની નજર મંડાયેલી છે.

# શહેરનો વન આરક્ષિત વિસ્તાર ઝુંપડાના દબાણોની ચુંગાલમાં

## વધતા દબાણોના લીધે સેક્ટરવાસીઓ પણ પરેશાન : તુટેલી ફેન્સીંગના લીધે રખડતા ઢોર અને દબાણકર્તાઓને મોકળુ મેદાન : હરિયાળા વૃક્ષોની જાળવણી પણ ખતરામાં

ગાંધીનગર તા ૧૪

શહેરના સેકટરોમાં દબાણો વધી રહ્યા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં દબાણોની સમસ્યાનો કાયમી નિકાલ આવતો નથી. દબાણના મામલે એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. તંત્રની બિન્દાસ્ત નીતીના લીધે હવે તો શહેરના રહેણાંક વિસ્તારમાં પણ મોટાભાગની સરકારી જગ્યાઓ દબાણોની ચુંગાલમાં છે. ત્યારે શહેરના ઉભા અને આડા માર્ગોની આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ ઝુંપડાના દબાણોએ અડ્ડો જમાવ્યો છે. તુટેલી ફેન્સીંગના લીધે દબાણકર્તાઓ વધુ બિન્દાસ્ત બન્યા છે. જેના લીધે હરિયાળા વૃક્ષો સામે પણ ખતરો મંડરાયો છે.

ગાંધીનગરમાં કોર્મશિયલ ઝોનની સાથે હવે રહેણાંક વિસ્તારમાં પણ દબાણની સમસ્યા વધુ જટીલ બની છે. એકબાજુ શહેરના સેકટરોમાં કોમન પ્લોટ તેમજ ઘ આંગણે બગીચા તાંણી બાંધી જગ્યા પર ગેરકાયદેસર કબજો જમાવી લેવામાં આવે છે. જયારે શહેરનો વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં છે. જેના લીધે વનતંત્રને શહેરમાં નવા રોપાઓની વાવણી માટે પણ જગ્યા મળતી નથી. એકબાજુ આમ પણ વન આરક્ષિત વિસ્તારમાં ખુલ્લી જગ્યા બચી નથી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં મહિલા કોંગ્રેસે મોંઘવારી સામે મોરચો ખોલ્યો

## દેખાવો-ધરણા બાદ ૧૦૦ જેટલી મહિલા કાર્યકર્તાઓની કરાયેલી અટકાયત



ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ચાલી રહેલા જનચેતના અભિયાન અંતર્ગત ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસ દ્વારા ધરણા અને દેખાવો સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયા હતા.

વધતી જતી મોંઘવારીને સરકાર નિયંત્રિત કરવામાં નિષ્ફળ નિવડી હોવાનો આક્ષેપ પણ મહિલા કોંગ્રેસના હોદ્દેદારોએ કરી સરકાર તમામ ક્ષેત્રોમાં નિષ્ફળ રહી હોવાનું જણાવ્યું હતું.

સત્તાના નશામાં ચૂર ભારતીય જનતા પાર્ટીના વર્તમાન શાસકો, પ્રજાના પ્રાણ પ્રશ્નો પ્રત્યે આટલા અસંવેદનશીલ હોય તેવી પ્રજા કલ્પના પણ કરી શકતી નથી. એકબાજુ કોરોનાની બીજી લહેરનું અસફળ વ્યવસ્થાપન તથા પેટ્રોલ, ડીઝલ, ગેસ, ખાધ્ય તેલનાં અસહય ભાવ વધારાનાં કારણે સમગ્ર દેશની પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે, ત્યારે સરકારની આ નિષ્ફળતાને ઉજાગર કરવા તથા આમ જનતાની સમસ્યાઓને ઉજાગર કરવા તા. ૧૪-૭-૨૦૨૧ બુધવારનાં રોજ ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ તથા ગાંધીનગર શહેર મહિલા કોંગ્રેસનાં સંયુક્ત ઉપક્રમે પ્રદેશ પ્રભારી શ્રીમતી વંદનાબેન પટેલ, જિલ્લા મહિલા પ્રમુખ શ્રીમતી સોનલબા ચાવડા, શહેર મહિલા પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમારની આગેવાનીમાં બપોરે ૨ કલાકે સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬, ગાંધીનગર ખાતે વિરોધ/ધરણા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિરોધ/ધરણા પ્રદર્શનમાં પૂર્વ ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડ, પ્રદેશ ઉપપ્રમુખ પ્રેમલબા હાડા, ઉત્તર ગુજરાત પ્રભારી ગીતાબેન પટેલ, તાલુકા પ્રમુખ સંગીતાબા ચૌહાણ, પ્રદેશ મહામંત્રી હેમલતાબેન પરમાર, શોભનાબા રાઓલ,

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ત્રણ દિવસમાં સામાન્ય વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૧૪

રાજ્યમાં હવે ધીમે-ધીમે ચોમાસુ જામી રહ્યું છે. અનેક જગ્યાએ વરસાદ થઈ રહ્યો છે. પરંતુ હજુ અનેક જગ્યાએ ખેડૂતો વરસાદની રાહ જોઈ રહ્યાં છે. તેવામાં રાજ્યમાં આગામી ત્રણ દિવસ સામાન્ય વરસાદની આગાહી કરરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યાં અનુસાર રાજ્યમાં ૧૫, ૧૬ અને ૧૭ જુલાઈ સામાન્ય વરસાદ પડશે. હવામાન વિભાગની આગામી પ્રમાણે રાજ્યભરમાં આગામી ત્રણ દિવસમાં સામાન્ય વરસાદ થવાનો છે. પરંતુ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપી, વલસાડ અને સુરત જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. તો સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તો અમદાવાદના લોકોએ હજુ ભારે વરસાદ માટે રાહ જોવી પડશે. અમદાવાદમાં વરસાદી ઝાપટા પડવાની સંભાવના છે.

# મંગળવારે અષાઢી મેઘાંબર ગાજ્યા પણ વરસ્યા નહીં..

## મંગળવારે મોડી સાંજે અડધો ઇંચ વરસાદ વરસ્યો : શહેરમાં જુલાઇ મધ્યે સિઝનનો માત્ર સાડા ત્રણ ઇંચ વરસાદ : એક મહીનાના અંતે પણ હજુ મેઘરાજા મનમુકીને વરસ્યા નથી : વરસાદની ગેરહાજરી વચ્ચે શહેરીજનો આકરા બફારાથી બેચેન

ગાંધીનગર તા ૧૪

અષાઢ મહીનાના પ્રારંભ બાદ પણ હજુ મેઘરાજા મુડમાં આવતા નથી. શહેરમાં સિઝનનો અત્યાર સુધી માત્ર સાડા ત્રણ ઈંચ વરસાદ જ વરસ્યો છે. આકાશમાં ડોકીયુ કરતા વરસાદી વાદળો વચ્ચે મેઘરાજા રોજબરોજ હાઉકલી કરી જાય છે. ગઈકાલે પણ શહેરમાં અષાઢી મેઘના અંબર ગાજયા પણ વરસ્યા નહી.. માત્ર અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.વરસાદની ગેરહાજરી વચ્ચે આકરા તાપ અને બફારાથી બેચેન નગરજનો મેહુલિયો મન મુકીને વરસે તેની આશ સેવી રહ્યા છે.

ગાંધીનગરમાં પ્રિમોન્સુન એકિટીવીટીના ભાગરૂપે અગાઉ બે ચાર વાર હળવા ભારે વરસાદી ઝાપટા વરસતા વાતાવરણમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વરસાદ સદંતર અદ્રશ્ય રહેતા જુલાઈના મધ્યે પણ પુરતો વરસાદ થયો નથી. એક મહીનાના અંતે પણ ધમાકેદાર ચોમાસાની શરૂઆત થઈ નથી. ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૩.૫ ઈંચ વરસાદ જ થયો છે. ગઈકાલે પણ દિવસની આકરી ગરમી અને ઉકળાટ બાદ આકાશમાં વરસાદી વાદળો ઘેરાયા હતા. ગાજવીજ અને વિજચમકારા સાથે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં ઘેરાયેલા વાદળો ધોધમાર વરસી પડતા સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. પરંતુ ગાજયા મેઘ વરસ્યા ન હતા. વરસાદના ભારે ઝાપટના અંતે મેઘરાજા અદ્રશ્ય થઈ ગયા હતા. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા વચ્ચે ઠેર ઠેર ખોબોચિયા ઉભરાયા હતા. વરસાદી ઝાપટાના અંતે આજે પણ સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકી ઢગ ખડકાયા હતા. સાંજના સમયે ૧૩.૫ મી મી વરસાદ વરસ્યો હતો. બીજીતરફ સેકટરોમાં નતનવી વરસાદી સમસ્યાઓ ડોકીયા કરતી નજરે પડી હતી. એકબાજુ વરસાદ ખેંચાયો છે. ત્યારે ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. વરસાદ મન મુકીને વરસતો નથી અલપ ઝલપ ડોકીયુ કરી વિદાય લેતા વરસાદના લીધે વિચિત્ર મોસમની અસરથી શહેરીજના પણ પ્રભાવિત છે. ગઈકાલે મહત્તમ તાપમાન પણ ૩૭.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વરસાદી સાંજ બાદ આજે પણ ગરમીનો પારો નીચે ઉતર્યો હતો. આજે મહત્તમ તાપમાન ૩૪.૨ ડીગ્રી નોંધાયુ હતુ. પરંતુ વાતાવરણમાં અસહ્ય ઉકળાટના લીધે નગરજનો બફારાથી બેચેન બન્યા હતા. શહેરમાં અત્યાર

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# ધોરણ-૧૦માં ગણિતના પેપરમાં મળશે બે વિકલ્પ

## ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો : વિદ્યાર્થીઓને મેથેમેટિક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટિક્સ બેઝિક એમ બે અલગ અલગ પ્રશ્નપત્રના વિકલ્પ આપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૪

રાજ્ય શિક્ષણ બોર્ડે નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૦૨૨માં નવી સિક્ષણ નીતિ પ્રમાણે ધોરણ-૧૦ના ગણિત વિષયના પેપરમાં મહત્વનો ફેરફાર કર્યો છે. હવે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ -૨૨ ગણિત વિષયના પેપરમાં બે વિકલ્પ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ પોતાની પસંદગી પ્રમામે કોઈપણ એક પેપરનો વિકલ્પ પસંદ કરી શકશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નવા શૈક્ષણિક સત્રમાં ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં ગણિતના પેપરમાં બે પ્રશ્નપત્રનો વિકલ્પ આપવાનો નિર્ણય કરાયો છે. જે મુજબ વિદ્યાર્થીઓને મેથેમેટિક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટિક્સ બેઝિક એમ બે અલગ અલગ પ્રશ્નપત્રના વિકલ્પ આપવામાં આવશે.

વિદ્યાર્થીએ કયું પેપર આપવું એ અંગેની પસંદગી બોર્ડનું ફોર્મ ભરતી સમયે કરવાની રહેશે. મેથેમેટિક્સ સ્ટાન્ડર્ડ અને મેથેમેટિક્સ બેઝિક પેપરમાં ગુણભાર, પ્રશ્નોના પ્રકાર અલગ અલગ પ્રકારે પુછાશે. ગણિતનું પાઠ્યપુસ્તક તમામ માટે એકસમાન રહેશે. શૈક્ષણિક પદ્ધતિમાં કોઈ ફેરફાર કરાશે નહીં.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com